સ્થાપના: ૮ ઓક્ટોબર, ૧૮૯૯.
રજી. નં. એ-૬૩૨, મુંબઇ.
ફોન : ૦૨૨-૩૫૪૧ ૮૬૮૧
મો.: ૯૧૩૭૧ ૨૧૬૭૮
Email : jaianavilpub@yahoo.com
Website : www.anavilsamaj.org

૧૦ ફેબ્રુઆરી - ૨૦૨૪
તંત્રી : મધુસૂદન દેસાઇ
મો. : ૯૮૨૧૧૨૮૬૯૧૪
માત્ર સભ્યો માટે
વર્ષ : ૨૨ - અંક - ૨

# જય અનાવિલ

## શ્રી અનાવિલ સમાજ, મુંબઈ.

(કાર્યાલય સમય : મંગળ થી શનિ સવારે ૧૧.૦૦ થી સાંજે ૬.૦૦, રવિ ૧૧.૦૦ થી ૨.૦૦)
(સોમવારે કાર્યાલય બંધ રહેશે)

RNI No. MAH-GUJ/2003/9893 • Post Regn. No. MCN/116/2022-2024
Posted at : Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001.

કિંમત રૂા. ૪/- Published & Posted on 10th Day of every month કુલ પાનાં - ૨૦

સભ્ય ફી : ❖ આશ્રયદાતા સભ્ય રૂા. ૨૧૦૦૦/- ❖ આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/-
❖ વાર્ષિક સામાન્ય સભ્ય રૂા. ૫૦/-




tripoly
રંગીલો
યુરોપ
૧૪ રાત્રિઓ
૧૫ દિવસ
કચિન કેરવાન સાથે યુરોપ સફર
ઓલ ઈન્લક્યુસીવ
ફ્લાઈટ્સ • હોટેલ્સ • ઓલ મીલ્સ • સઈટસીઈંગ
વિઝા • ટ્રાવેલ ઈન્સુરઅન્સ • ટૂર મેનેજર
દેશોની મુલાકાત લીધી :
પેરિસ - બેલ્જિયમ - નેધરલેન્ડ - જર્મની
સ્વિટ્ઝર્લેન્ડ - લિક્ટેંસ્ટાઇન - ઓસ્ટ્રિયા
ઇટાલી - વેટિકન
૧00%
શુદ્ધ શાકાહારી
જમવાનુ
tripoly
Kitchen Caravan
ડિપાર્ચર ડેટ : 0૧ મે ૨0૨૪
+૯૧ - ૮૫૯૧૯૫૬૧૭૩
ઓફીસ નં.૧૧૨, ઓપેલ સ્કેવર આઈ.ટી. પાર્ક રોડ નં.૧૬, વાગલે ઇન્ડીસટીયલ એસ્ટેટ, પડવલ નગર, થાણે (વેસ્ટ), થાણા - ૪૦૦૬૦૪

# શ્રી અનાવિલ સમાજ મુંબઈ કાર્યાલય નાં કમ્પાઉન્ડમાં યોજેલ ઊંધિયા પાર્ટી કાર્યક્રમની જીવંત તસ્વીરો

## રવિવાર, તા. ૨૧.૦૧.૨૦૨૪












# શ્રી અનાવિલ સમાજ, મુંબઈ

## મેડીકલ કેમ્પ પૈખન મુકામેની જીવંત તસવીરો

















# ઊંધિયા પાર્ટીનો અહેવાલ

રવિવાર તા. ૨૧.૧.૨૦૨૪નાં રોજ શ્રી અનાવિલ સમાજ મુંબઈ કાર્યાલયના કમ્પાઉન્ડમાં સાંજે ૬ વાગ્યાથી કાર્યક્રમની શરૂઆત થઇ. ગુજરાતી ગીત, ગઝલ અને જુના યાદગાર હિન્દી ફિલ્મ ગીતોની સુંદર મજેદાર રજૂઆત થઇ. વચ્ચે વચ્ચે તાળીઓના ગડગડાટ સાથે Once Moreની ફરમાઇશ પણ થઇ. ઉર્મિશભાઈએ સમાજની વિવિધ સહાય યોજનાઓ વિશે જાણકારી આપી. આ કાર્યક્રમને સુંદર અને સફળ બનાવવામાં મહત્વનો ફાળો આપનાર અજીતભાઈ, કિરણભાઈ, મધુસૂદનભાઈ, મીનાક્ષીબેન, પ્રવીણભાઈ તથા અન્યોનો આભારી છીએ. ઉર્મીશભાઈ, મેહુલભાઈ, પૂનમબેન, પ્રીતીબેન, ગીતાબેન, મીનાબેન, નીકીતાબેન, નીલેશભાઈ, રાજનભાઈ, ગૌતમભાઈ કાર્યક્રમ દરમ્યાન સારી સેવા આપી હતી.

સ્ટેજની વ્યવસ્થામાં મધુસૂદનભાઈ. પોંક-જલેબી વ્યવસ્થામાં કિરણભાઈ, ઊંધિયુ-પુરી વ્યવસ્થામાં મીનાક્ષીબેન, મઠા ની વ્યવસ્થામાં પ્રવીણભાઈ મુખ્ય હતા. સમાજના સ્ટાફના સભ્ય પુનમબેન અને રાજુભાઈએ સારી જહેમત ઉઠાવી હતી.

ઊંધિયા, જલેબી, પોંક Matha સાથે ગીત સંગીતની પણ હાજર રહેલ અનાવિલોએ મઝા માણી હતી.

ફૂડ કાઉન્ટર ઉપર અજીતભાઈ, નીનાબેન, રાજનભાઈ. નિલેશ, ગૌતમભાઈ, મેહુલભાઈ હતા. કલેક્શન કાઉન્ટર ઉપર પૂનમબેન, પ્રીતિબેન તથા અન્ય હતા.

આસમાન સે આયા ફરિશ્તા, પ્યાર કા સબક શિખલાં ને કો કમલેશભાઈ એ સુંદર રીતે ગાયું હતું અને પ્રીતિબેન, ઊર્મિશભાઈ, નીનાબેન, નેહાબેન, માયાબેન, ગીતાબેન, મીનાક્ષીબેનએ વગેરે એ મનભરીને ડાન્સ કર્યો હતો. અંત માં સૌનો આભાર માની સૌ વિખૂટા પડ્યા હતા.

– મધુસુદન દેસાઈ (સહમંત્રી)



# શ્રી સત્ય સાઇ સેવા સમિતિ – વલસાડ અને શ્રી અનાવિલ સમાજ, મુંબઈ ના સહયોગ થી દત્તક લીધેલ ગામ પૈખેડ મેડીકલ કેમ્પનો અહેવાલ

શ્રી સત્ય સાઇ સેવા સમિતિ – વલસાડ અને શ્રી અનાવિલ સમાજ,મુંબઈના સહયોગ થી દત્તક લીધેલ ગામ પૈખેડ ખાતે સર્વરોગ નિદાન કેમ્પ, મહાનારાયણ સેવા, ગામના બહેનો માટે સેનેટરી નેપકીનનું વિતરણ તથા બાળકો માટે બિસ્કીટ તેમજ ગ્રામજનોને ટૂથ પેસ્ટનું વિતરણ કરવામાં આવ્યું.

ભગવાન શ્રી સત્ય સાઈબાબાની અસીમ કૃપા અને આશીર્વાદથી તા.૨૮–૧–૨૦૨૪ને રવિવારના રોજ ધરમપુરના અંતરિયાળ ગામ પૈખેડ મુકામે સર્વરોગ નિદાન કેમ્પ,

મહાનારાયણ સેવા અને બીજી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જનરલ રોગ, સ્ત્રીરોગ, દાંત, આંખ તથા બાળરોગના દર્દીઓને વિના મૂલ્યે સારવાર તથા દવા વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ડૉ. જનકભાઈ દેસાઈ તથા ડૉ. વ્યોમેશભાઈ દેસાઈ જનરલ પ્રેકટીશનર તરીકે, ડૉ.આશાબેન દેસાઇ તથા ડૉ. જ્યોત્સનાબેન દેસાઇ સ્ત્રીરોગ નિષ્ણાત તરીકે ડૉ. મંથનભાઈ પટેલ દંત ચિકિત્સક તરીકે, શ્રી વિજયભાઈ દરજી નેત્ર ચિકિત્સક તરીકે તેમજ ડૉ. રિયાબેન પટેલે પોતાની સેવાઓ આપી હતી. આ કેમ્પમાં શ્રી અનાવિલ સમાજ મુંબઈના પ્રમુખ અને દેસાઈ ફાઉન્ડેશન નવસારીના ટ્રસ્ટી શ્રી કિરણભાઈ દેસાઇ, શ્રી અનાવિલ સમાજ મુંબઈના ખજાનચી શ્રી દિલીપભાઈ દેસાઈ વગેરે પણ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કેમ્પ શ્રી સત્ય સાઇ સેવા સંગઠન– વલસાડ જિલ્લાના પ્રમુખશ્રી હેમાંશુભાઈ દેસાઇની આગેવાની હેઠળ યોજાયો હતો. આ કેમ્પમાં કુલ ૧૩૦ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. આ ઉપરાંત દેસાઇ ફાઉન્ડેશન નવસારીના સહકારથી સમિતિની બહેનો દ્વારા હેલ્થ અને હાઇજીના પ્રોગ્રામ અંતર્ગત ૨૩૧ જેટલા સેનેટરી નેપકીનના પેકેટ પણ આપવામાં આવ્યા હતા. ગામના તમામ બાળકોને બિસ્કીટના પેકેટ આપવામાં આવ્યા હતા. ત્યારબાદ મહાનારાયણ સેવાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૫૫૦ જેટલા જરૂરિયાતમંદ લાભાર્થીઓ અને ગ્રામજનોને સમિતિના ભાઈઓ દ્વારા ભોજન પીરસવામાં આવ્યું હતું. આ ઉપરાંત આંખના દર્દીઓને ૩૬ જેટલા ચશ્મા પણ આપવામાં આવ્યા હતા અને ગ્રામજનોને ૨૦૦ જેટલા ટૂથપેસ્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ માટે શ્રી અનાવિલ સમાજ મુંબઈનો ખૂબ જ સુંદર સહકાર પ્રાપ્ત થયો હતો. તે ઉપરાંત શ્રી સત્ય સાઇ સેવા ટ્રસ્ટના પ્રમુખ શ્રી હર્ષદભાઈ નાયક પણ ઉપસ્થિત રહ્યા હતા. ભગવાન શ્રી સત્ય સાઈ બાબાની અસીમ કૃપા અને આશીર્વાદથી સમગ્ર કાર્યક્રમ ખૂબ જ સુંદર રીતે સફળ થયો હતો.

આ મેડીકલ કેમ્પમાં અર્થવ લાઈફસ્ટાઈલ્સએ રૂા. ૫૧,૦૦૦.૦૦, મલાડના એક શુભેચ્છક ભાઈએ રૂા. ૨૪,૦૦૦.૦૦ અને શ્રી અનાવિલ સમાજ, મુંબઈના કારોબારી સભ્યોએ પોતાનો કીંમતી ફાળો આપી મેડીકલ કેમ્પને આર્થીક રીતે સધ્ધર બનાવ્યો હતો.

સમાજના ઉપપ્રમુખ અજીતભાઈ અને મંત્રી શ્રી બિપીનભાઈ નાયક પણ હાજર રહ્યા હતા.

# સાભાર – સ્વીકાર

## વિધવા સહાય ફંડ

| | | |
|---|---|---|
| ૨.૧૧ | પ્રવિણાચંદ્ર એલ. દેસાઈ – બોરીવલી | ૬,૦૦૦/– |

## જય અનાવિલ ફંડ

| | | |
|---|---|---|
| ૨.૦૧ | શ્રી ડીમ્પલ દેસાઈ – ન્યુટ્રીટલે | ૩,૦૦૦/– |
| ૩૦.૧ | શ્રી યશ મનીષ દેસાઈ | ૧,૦૦૦/– |

## પંચાગ ફંડ

| | | |
|---|---|---|
| ૧.૦૧ | શ્રી સાયન ફાઈન્સાસ લીઝીંગ પ્રા.લી. – સાયન | ૫,૦૦૦/– |

## જનરલ ફંડ

| | | |
|---|---|---|
| – | રશ્મીકાંત એ. વશી | ૧,૦૦૦/– |

## મેડીકલ કેમ્પ

| | | |
|---|---|---|
| ૨૭.૦૧ | આર્થવ લાઈફ સ્ટાઈલ – વિલેપાર્લા (દિલીપભાઈ દેસાઈ ના પ્રયત્નોથી) | ૫૧,૦૦૦/– |
| ૨૪.૦૧ | એક શુભેચ્છક – મલાડ | ૨૪,૦૦૦/– |
| ૦૧.૦૧ | શ્રી નીના રાજન દેસાઈ – અંધેરી | ૫,૦૦૦/– |
| ૦૨.૦૧ | મીનાક્ષી એમ. દેસાઈ – અંધેરી | ૫,૦૦૦/– |
| ૦૪.૦૧ | કિરણ એચ. દેસાઈ – માહીમ | ૫,૦૦૦/– |
| ૨૪.૦૧ | રાક્ષા ડી. દેસાઈ – મલાડ | ૫,૦૦૦/– |
| ૦૯.૦૧ | અજીત આર. દેસાઈ – બોરીવલી | ૩,૦૦૦/– |
| ૦૯.૦૧ | મેહુલ દેસાઈ – ગોરેગાંવ | ૩,૦૦૦/– |
| ૦૧.૦૧ | શ્રી બીપીન એમ. નાયક – જોગેશ્વરી | ૨,૦૦૦/– |
| ૧૭.૦૧ | ગીતા બી. નાયક – જોગેશ્વરી | ૨,૦૦૦/– |
| ૨૪.૦૧ | નીલેશ બી. દેસાઈ – ગોરેગાંવ | ૨,૦૦૦/– |
| ૨૪.૦૧ | પ્રતીજ્ઞા એન. દેસાઈ – ગોરેગાંવ | ૨,૦૦૦/– |
| ૨૪.૦૧ | ઉષાબેન બી. નાયક – મલાડ | ૧,૦૦૦/– |
| ૩૦.૦૧ | પ્રવીણાચંદ્રા સી. દેસાઈ – અંધેરી | ૧,૦૦૦/– |

આ મેડીકલ કેમ્પમાં અર્થવ લાઈફ સ્ટાઈલ રૂા.૫૧૦૦૦/–, મલાડ એક શુભેચ્છક રૂા. ૨૪૦૦૦/– અને શ્રી અનાવિલ સમાજ, મુંબઈના કારોબારી સભ્યોએ પોતાનો ફાળો આપી મેડીકલ કેમ્પને સફળ બનાવ્યો હતો.

લી. દિલિપભાઈ આર. દેસાઈ (ખજાનચી)

# રોડ હિપ્નોસિસ શું છે ?

રોડ હિપ્નોસીસ એક શારીરિક સ્થિતિ છે જેનાથી મોટાભાગના ડ્રાઇવરો અજાણ હોય છે. – રોડ હિપ્નોસિસ રસ્તા પર ઉતર્યાના ૨.૫. કલાક પછી શરૂ થાય છે. હિપ્નોસિસ ડ્રાઇવરની આંખો ખુલ્લી હોય છે, પરંતુ આંખ જે જુએ છે તેનું મગજ રેકોર્ડ અને વિશ્લેષણ કરતું નથી. – રોડ હિપ્નોસીસએ તમારી સામે પાર્ક કરેલા વાહન અથવા ટ્રકને પાછળના ભાગમાં ક્રેશ થવાનું નંબર એક કારણ છે.

રોડ હિપ્નોસીસવાળા ડ્રાઇવરને અથડામણની ક્ષણ સુધી છેલ્લી ૧૬ મિનિટનું યાદ નથી. તે કઇ ઝડપે જઇ રહ્યો છે. અથવા તેની સામે કારની ગતિનું વિશ્લેષણ કરી શકતો નથી; સામાન્ય રીતે અથડામણ ૧૪૦ કિમી વધુ હોય છે.

રોડ હિપ્નોસીસથી પોતાને બચાવવા માટે, દર ૨.૫ કલાકે રોકાવું, ચા કે કોફી પીવી જરૂરી છે.

ડ્રાઇવિંગ કરતી વખતે ચોક્કસ સ્થળો અને વાહનોની નોંધ લેવી અને યાદ રાખવું જારૂરી છે. જો તેમને છેલ્લી ૧૫ મિનિટથી કંઇ યાદ નથી, તો તેનો અર્થ એ કે તમે તમારી જાતને અને મુસાફરોને મૃત્યુ તરફ લઇ જઇ રહ્યા છે.

રોડ હિપ્નોસીસ રાત્રે વધુ વખત થાય છે અને જો મુસાફરો પણ સૂતા હોય તો પરિસ્થિતિ ખૂબ જ ગંભીર છે.

ડ્રાઇવરે દર ૨.૫ કલાકે ૫–૬ મિનિટ રોકાવું, આરામ કરવો, ચાલવું જોઇએ અને તેનું મન ખુલ્લું રાખવું જોઇએ.

આંખ ખુલ્લી હોય પણ મન બંધ હોય તો અકસ્માત અનિવાર્ય છે.

સલામત રહો અને સલામત વાહન ચલાવો

લેખ : સ્ત્રોત સૌજન્ય : ડૉ. શ્રીકાંત ગુંડાવાર, રેડિયોલોજીસ્ટ, પૂના

– સંકલન : મધુસૂદન દેસાઈ

---

**સ્માઈલ** : સ્માઈલ કરવાથી શરીરમાં એટલા સકારાત્મક ફેરફાર આવે છે કે એને કારણે સીધી અસર રોગપ્રતિકારક શક્તિ પર થાય છે. આ સિદ્ધાંત પર જ લાઈટર થેરપી વિકસી છે. અમેરિકામાં આવેલી માયો ક્લિનિકનાં રિસર્ચરોના કહેવા મુજબ હાસ્યને કારણે બ્રેઈનમાં એવાં કેમિકલ્સ પેદા થાય છે કે જે રોગ પ્રતિકારક શકિતને અશકત બનાવે છે. એની જગ્યાએ એવા લોકો જે ક્યારેય હસતા જ નથી એમની રોગ પ્રતિકારક શક્તિ નબળી જોવા મળે છે. આવાં એક નહીં અનેક રિસર્ચ છે જેને કારણે લાફ્ટર ઈઝ ધ બેસ્ટ મેડિસન કહેવાયું છે.

---

**વિણેલા મોતી : જે પુસ્તકો આપણે વધુ વિચારવાની ફરજ પાડે એ જ આપણા માટે સૌથી વધુ ઉપયોગી પુસ્તકો હોય છે.**

# બાયો-ક્લૉક

બાયો ક્લૉક

એટલે તમારું માઇન્ડ -સેટ

મોટાભાગનાં લોકોને અનુભવ હશે કે જ્યારે પણ બીજે દિવસે સવારના બસ કે ટ્રેન પકડવાની હોય ત્યારે આપણે સવારના છ વાગ્યાનું એલાર્મ મુકીને સુઇએ છીએ, તો પણ આપણે આખી રાત ઉંધતા જાગતા પસાર કરીએ છીએ. ક્યારેક તો એલાર્મ વાગે તે પહેલાં જ આપણે ઉઠી જઇએ છીએ.

આને બાયો ક્લૉક (માઇન્ટ સેટ) કહેવાય. મનને આપેલો સંદેશ એક વિચાર આખા શરીર ને તે પ્રમામે હુકુમ કરે છે.

આપણે આપણા મનથી આવા ધણા એલાર્મ આપણા જીવનમાં જાણ્યે અજાણ્યે સેટ કરી લીધી હશે.

આપણામાં ધણા એવું માનતા હોય છે. આપણે ૬૦ વર્ષના થયા એટલે બહુ જીવી લીધું. આપણું શરીર તો એક મશીન છે. જે આ ઉંમરે તો ખોટકાવા જ માંડે.

આવી ખોટી માન્યતાઓ પણ આપણું બાયો ક્લૉક આપણા મનમાં સેટ કરતું રહે છે. અને પછી આપણે ખરેખર બીમારીનો શિકાર થઇએ છીએ. વૃદ્ધત્વ તરફ ધકેલાઇ જઇએ છીએ.

ધણા લોકો આ ઉંમરે પણ આરામથી મસ્ત જીવતા હોય છે, કારણ કે તેમનું બાયો ક્લૉક તે પ્રમાણે સેટ થયેલું હોય છે.

આપણે પણ આપણું બાયો ક્લૉક એવી જ રીતે જ સેટ કરીએ કે તંદુરસ્ત જીવન જીવીએ.

આપણા જ કેટલાક મિત્રો કે આપણા જાણમાં હોય તેવા કેટલાય લોકો ૭૫ વષજની ઉંમરે પણ જુવાની અનુભવે છે.

જ્યારે કેટલાય મિત્રો ૬૦ની ઉંમરમાં પણ ખખડી ગયેલા હોય છે.

યાદ રાખો

Age is only number and Old age is your mind set.

લાંબુ અને તંદુરસ્ત જીવન જીવવાની કેટલી ટીપ્સ :

૧. આપણે આપણું પોતાનું બાયો ક્લૉક એવી રીતે સેટ કરીએ કે આપણે ૧૦૦ વર્ષ સુધી તંદુરસ્ત જીવવું છે. રોજ સવારે હું તંદુરસ્ત છું, હું મસ્ત છું, હું બધું જ કરી શકું છું, મને કોઇ બીમારી નથી. આ દસ વખત બારીની બહાર જોઇને જોરથી બોલો.

આપણા મનમાંથી બધા નકારાત્મક વિચારોને તિલાંજલી આપી દેવાની છે.

ધણા વિચારે કે,

આ લાંબુ જીવન કોને માટે જીવીએ. ?

આપણે દુનિયાને શા માટે ભારરૂપ થવું જોઇએ ?

આવું નકારાત્મક વિચારવાને બદલે આપણે એવું પણ વિચારી શકીએ કે,

આપણું નિર્માણ લોકોની સેવા કરવા માટે અને બધાને ઉપયોગી થવા માટે જ થયું છે.

આપણે હજી ધણા કામો કરવાના છે. એટલે જ આપણને કુદરતની અમાપ શક્તિનો ધોધ જોઇએ.

બસ આવી રીતે પોઝિટીવ વિચારવાથી આપણું બાયો ક્લૉક આપો આપ એવી રીતે સેટ થતું જશે.

એટલે સૌથી પહેલું

Important કામ

Throw out negative thoughts from your mind and try to implant positive thoughts

૨.

Look Young....

તમારો દેખાવ અને પહેરવેશ એવો રાખો કે તમે સદા યુવાન લાગો. મતલબ તમારા દેખાવ પર ઉંમરનો પ્રભાવ ના પડવા દો. યોગ્ય સારા ફેશન વાળા કપડા પહેરો. જુના કપડાં ને ધણા વર્ષો સુધી ઘસેડચા ના કરો. પ્રસંગ પ્રમાણે ખુબ સારી રીતે તૈયાર થઇને જાઓ. જાણો તમારો આ ખાશ પ્રસંગ હોય.

૩.

હંમેશા કાર્યરત રહો, કદી નવરા ન પડો. દરરોજ ચાલો અને બની શકે તો દોડો. લોકો ને મળવા નું રાખો. લોકોને મદદ રૂપ થાઓ.

Be Active idle mind is devil's workshop.

(૪)

Keep confidence that your health is improving

તમારુ સ્વાસ્થ્ય ઝડપથી સુધરી રહ્યું છે. તેવો આત્મવિશ્વાસ રાખો. રોજ અરીશામાં પોતાને જોઇને ખુશી અનુભવો. ગર્વ કરો હું મસ્ત છું.

Our Mindset is the reason For Everything.

(૫)

never allow the Bio-clock to set you are ending.

હંમેશા સારુ જીવન જીવવાની જ આશા રાખો. મરવાના વિચાર તો કદી ના કરો. જે થવાનું હશે તે તેના સમયે થશે જ. પણ તેનો ડર રાખીને તમારો વર્તમાન ના બગાડો. બીમારી તો આવે ને જાય. તંદુરસ્તીના ઉપાયો છે. સમયસર દવા કરાવો. યોગ્ય ભોજન લો, ખુશીથી આરોગો, જીવવા માટે ખાઓ નહીં કે ખાવા માટે જીવો.

(૬)

તમારી જાતને કદી નીચી ના સમજો. તમે ખુદ જ સર્વોચ્ચ છો, તમને કોઇ માને યા ના માને, તેનાથી તમને કોઇ ફરક ના પડવો જોઇએ. તમારા જીવનના નિયમો તમારો હોવા જોઇએ બીજા એ નક્કી કરેલા નહીં. બીજા શું વિચારશે એની ફિકર કરવાની છોડી દો.

તમારામાં જ એક મહાન શક્તિ બિરાજેલ છે જે તમને સુચનો અને માર્ગદર્શન પણ આપે છે.

તમારા બાયો ક્લૉક (માઇન્ટ સેટ)ને હંમેશા પોઝિટીવ કમાન્ડ જ આપવાના. તો એની બધી અસર તમારા જીવનમાં ખુબ સરસ થશે.


આ આખી જિંદગીની રમત આ માઇન્ડ સેટ બાયો ક્લૉક પર જ છે.

તમે જેવો કમાન્ડ્સ તમારા મનને આપશો એવુ તે બહાર લાવશે.

ખુશ રહો અને તંદુરસ્ત રહો.. મસ્ત રહો, યોગ્ય કરો, રોજ કરો...

સંકલન – મધુસુદન દેસાઈ





## અભિનંદન

અડાજન અનાવિલ સહિયર મંડળ સુરતમા ભજન- મીઠી મારી આંખડીના તારા. કોમ્પીટીશનમાં ૫૦ વર્ષથી ઉપરના ગ્રુપમાં પ્રથમ નંબર શ્રી પ્રતિજ્ઞા નિલેશ દેસાઈ-મુંબઈના આવ્યો. તેમની ઉંમર ૫૩ વર્ષ.

## અભિનંદન



આયુષ પ્રિતેશ દેસાઈ-મૂળ નવસારીના અને હાલ ભરૂચ

ડિપ્લોમા ઇન એન્જિનિયરિંગમાં આખા GTUમાં પ્રથમ આવીને ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે.

આયુષ અને એમના પરિવારને ખૂબ ખૂબ અભિનંદન.....



## અભિનંદન - PhD થયાં

પંડોર હાલ, સુરતના સ્વ.જશુમતીબેન અને શ્રી અરવિંદભાઈ દેસાઈની પુત્રવધુ તેમ જ શ્રીમતી ગાયત્રીબેન દેસાઈ તથા સ્વ. અમુલભાઈ દેસાઈ (મગોદ), હાલ સુરતની પુત્રી ચિ.સૌ.વિશ્રુતી વિજયેન્દ્ર દેસાઈ, એ કોમ્પયુટર એન્જીન્યરીગમાં ગુજરાત ટેકનોલોજી યુનીવસીર્ટી માંથી PhD ની ડીગ્રી પ્રાપ્ત કરી છે. હાલ તેઓ સુરતની સી.કે.પીઠાવાળા એન્જીન્યરીંગ કોલેજમાં પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવે છે.

## અભિનંદન

શ્રી રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં વિશ્વના ૪૦ દેશોના ૫૧ પ્રતિનિધિઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું. એ પૈકી ઝાંબિયા સ્થિત ગણદેવી તાલુકાના ખખવાડા ગામના શ્રી અનિલભાઈ ઇશ્વરલાલ નાયક તથા જીવનસંગીની નિતાબેનને રૂબરૂ આમંત્રણ અપાયું હતું. આ પ્રસંગે ઉપસ્થિત રહી ઐતિહાસિક માંગલિક અવસરના સાક્ષી બનવાનું અહોભાગ્ય મળતાં ભાવવિભોર બન્યા હતાં. સ્વાગત સમીતીએ સ્મૃતિભેટ આપી બન્નેનું સ્વાગત કર્યું હતું.

# અભિનંદન
# ગુજરાત જાહેર સેવા આયોગ



ગુજરાત જાહેર સેવા આયોગ જ જી.પી.એસ.સી. દ્વારા વર્ગ ૧ વર્ગ ૨ અને વર્ગ ૩ માટેની સરકારી નોકરી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા અંગે મઅનાવિલ યુવકો યુવતીઓને યોગ્ય માર્ગદર્શન મળી રહે એ શુભ આશાયથી શ્રી દયાળજી અનાવિલ કેળવણી મંડળમાં સ્પર્ધાત્મક પરીક્ષા માટેની એક દિવસીય સેમીનાર Orientation પ્રોગ્રામનો તારીખ ૨૪–૦૧–૨૦૨૧ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઉત્સાહી યુવક યુવતીઓએ ભાગ લીધો હતો. તા.૨૪.૦૧.૨૦૨૧ના રોજ જે બીજ રોપવામાં આવેલ અને જે સ્વપ્ન જોયેલું તે આજરોજ શ્રી દયાળજી દેસાઇ જ્ઞાન કેન્દ્રના ઉદ્‌ઘાટન થકી સ્વપ્ન પરિપૂર્ણ થવા જઈ રહ્યું છે તેનો સવિશેષ આનંદ છે. પ્રયત્નોના અંતે તો પથ્થરમાથી એ પાણી કાઢી શકાય આવા પ્રયાસોથી જ એ શક્ય બને છે તેનુ ઉત્તમ ઉદાહરણ એટલે આજે સમાજ સમક્ષ અર્પણ થયેલ શ્રી દયાળજી અનાવિલ જ્ઞાન કેન્દ્ર

અનેક અનેક શુભેચ્છાઓ સહ




શ્રી રાજેશભાઈ, ભીખુભાઈ, કિરીટભાઈ ની પુનઃપાંચ વર્ષ માટે વરણી જ્યારે ધારાસભ્ય સંદીપભાઈ અને રાકેશભાઈ નવનિયુક્ત ટ્રસ્ટી બન્યા.

દુનિયામાં કરવા જેવા કામ તો ઘણાં છે, પણ હું શું કરી શકું તેમ છું અને શું કરી શકું તેમ નથી એની ખબર જેને પડે એ જ વ્યક્તિ જીવનનો ગોલ નક્કી કરી શકે છે. દરેક માણસ પાસે શક્તિ તો હોય જ છે, અભાવ માત્ર સંકલ્પનો જ હોય છે. જે લોકો વિચારતા હોય ચે કે ચમત્કાર થશે અને સફળતા મળશે તો એ લોકો ભીંત ભૂલે છે. વાસ્તવમાં આપણો મનુષ્ય અવતાર જ સૌથી મોટો ચમત્કાર છે. – લેખક પ્રફુલ્લ કાનાબાર

૦–૦–૦

‘જે પુસ્તક આપણને વધુ વિચારવાની ફરજ પાડે એ જ આપણા માટે સૌથી વધુ ઉપયોગી પુસ્તકો હોય છે.’ – ઓડોર પાર્ક

# અવસાન



| ગામ | નામ | તારીખ |
|---|---|---|
| નવસારી | સ્વ. રાજનભાઈ મનુભાઈ દેસાઈ | ૪–૧–૨૪ |
| પારડી–ભાદોલી | સ્વ. ધવલ મહાદેવભાઈ દેસાઈ | ૫–૧–૨૪ |
| સુરત | સ્વ. બળવંતરાય મકનજી મહેતા | ૫–૧–૨૪ |
| ગણદેવી | સ્વ. ચેતન ધીરૂભાઈ નાયક | ૩–૧–૨૪ |
| નવસારી | સ્વ. ઉર્મીલાબેન રમેશચંદ્ર દેસાઈ | ૭–૧–૨૪ |
| સુરત | સ્વ. પંકજરોય વસંતરાય દેસાઈ | ૮–૧–૨૪ |
| નવસારી | સ્વ. વિનોદભાઈ હરીભાઈ દેસાઈ | ૯–૧–૨૪ |
| પીપલોદ | સ્વ. કેતન જયંતીલાલ દેસાઈ | ૮–૧–૨૪ |
| વલસાડ | સ્વ. પુરંજય (પીન્ટુ) પ્રકાશભાઈ વશી | ૧૦–૧–૨૪ |
| – | સ્વ. સુધીરભાઈ દૌલતરામ દેસાઈ | ૧૧–૧–૨૪ |
| નવસારી | સ્વ. લલીતાબેન ભીમભાઈ દેસાઈ | ૧૧–૧–૨૪ |
| સીસોદ્રા | સ્વ. કિશોરભાઈ ઠાકોરભાઈ નાયક | ૧૩–૧–૨૪ |
| મુંબઈ | સ્વ. રસીકલાલ મગનલાલ દેસાઈ | ૧૦–૧–૨૪ |
| ગણદેવી | સ્વ. અમીતાબેન (મધુબેન) ગુણવંતરાય દેસાઈ | ૧૪–૧–૨૪ |
| સુરત | સ્વ. રમેશચંદ્ર ભીખુભાઈ દેસાઈ | ૧૪–૧–૨૪ |
| સુરત | સ્વ. કોકીલાબેન અરૂણભાઈ દેસાઈ | ૧૬–૧–૨૪ |
| સુરત | સ્વ. કુસુમબેન ધીરજલાલ નાયક | ૧૬–૧–૨૪ |
| ખારા અબ્રામા | સ્વ. નિલેશકુમાર નાનુભાઈ દેસાઈ | ૧૭–૧–૨૪ |
| અમેરીકા | સ્વ. ઇલાબેન કપીલભાઈ દેસાઈ | ૧૯–૧–૨૪ |
| સુરત | સ્વ. નરેન્દ્રભાઈ ધીરજલાલ દેસાઈ | ૧૯–૧–૨૪ |
| કાંદીવલી | સ્વ. કુસુમબેન સુરેશભાઈ દેસાઈ | ૨૩–૧–૨૪ |
| આમરી | સ્વ. વસુમતી (વર્ષાબેન) મગનલાલ દેસાઈ | ૨૧–૧–૨૪ |
| અમદાવાદ | સ્વ. હેમંતકુમાર ધીરજલાલ દેસાઈ | ૨૨–૧–૨૪ |
| સુરત | સ્વ.નિરંજન દિનકરરાય નાયક લાલજી | ૨૨–૧–૨૪ |
| સુરત | સ્વ. રમેશચંદ્ર છોટુભાઈ નાયક | ૨૬–૧–૨૪ |
| સામરા વાડી | સ્વ. કુસુમબેન રમેશભાઈ નાયક | ૨૮–૧–૨૪ |
| સુરત | સ્વ. નયનાબેન પ્રફુલભાઈ દેસાઈ | ૦૧–૨–૨૪ |
| અંધેરી | સ્વ. પલ્લવી શશાંકભાઈ દેસાઈ | ૦૧–૨–૨૪ |

તમે આપવાનું શરૂ કરો... ભાઈ હોય, પડોશી હોય, કર્મચારી હોય, સમાજ હોય કે રાષ્ટ્ર હોય તમે બિલીવ નહીં કરો તમને મળવાનું શરૂ થઈ જશે. બસ, તમે આપવાનું શરૂ કરો.– ઉદ્યોગપતિ સવજીભાઈ ધોળકિયા

૦–૦–૦

નિષ્કામ કર્મ ઈશ્વરને ઋણી બનાવે છે અને ઈશ્વર તેને વ્યાજસહિત પાછું વાળવા અધીરો બની જાય છે.

# તા. ૧૦.૦૨.૨૦૨૪ થી તા. ૧૦.૦૩.૨૦૨૪ સુધી નું પંચાગ

વિ. સં. ૨૦૮૦ | ॐ હ્રેં હ્રીં શ્રીં ક્લીં | ફેબ્રુઆરી ૨૦૨૪

*શુભ દિવસ | શુભ | મહા સુદ | લાભ

| તિથિ | વાર | તા. | નક્ષત્ર | સૂ.ઉ.૦૭.૧૧ શ્રી મંગલમ્ સૂ.અ.૧૮.૩૫ |
|---|---|---|---|---|
| ૧ | શનિ | ૧૦ | ધનિષ્ઠા | પંચક પ્રા. (ચંદ્ર-કુંભ : ૧૦.૦૩) |
| *૨ | રવિ | ૧૧ | શત. | ચંદ્રદર્શન, શ્રી લાડુબેટીજી મંદિર (મુંબઈ) પાટોત્સવ, પંચક |
| *૩ | સોમ | ૧૨ | પૂ. ભા. | પંચક (ચંદ્ર-મીન : ૯.૩૭) |
| ૪ | મંગળ | ૧૩ | ઉ. ભા. | વિનાયક/વરદ ચતુર્થી - અંગારક યોગ, શ્રી ગણેશ જયંતી, પંચક, સૂર્ય કુંભમાં ૧૫.૪૪, સંક્રાંતિ પુણ્યકાળ ૯.૨૦ થી ૧૫.૪૪ |
| *૫ | બુધ | ૧૪ | રેવતિ | શ્રી/વસંત પંચમી, શ્રી મદનમોહનજીનો પાટો. (પોરબંદર), વૈધૃતિ મહા. ૨૦.૨૧ થી ૨૪.૨૩, પંચક સ. (ચંદ્ર-મેષ : ૧૦.૪૪) |
| *૬ | ગુરૂ | ૧૫ | અશ્વિની | શનિ પશ્ચિમાસ્ત |
| ૭ | શુક્ર | ૧૬ | ભરણી | રથ/ભાનુ સપ્તમી, ભીમાષ્ટમી (ચંદ્ર-વૃષભ : ૧૪.૪૩) |
| ૮ | શનિ | ૧૭ | કૃતિકા | દુર્ગાષ્ટમી, ખોડિયાર મા જયંતી, શનિ રોહિણી અમૃતસિદ્ધિયોગ ૮.૪૬ થી સૂ. ઉ. |
| *૯ | રવિ | ૧૮ | રોહિણી | હરિ જયંતી, શ્રી ગોકુલાધીશજી (મુંબઈ) નો પાટોત્સવ (ચંદ્ર-મિથુન : ૨૧.૫૪) |
| *૧૦ | સોમ | ૧૯ | મૃગ. | ભક્ત પુંડલિક ઉત્સવ (પંઢરપુર), છત્રપતિ શિવાજી જયંતી |
| ૧૧ | મંગળ | ૨૦ | આર્દ્રા | જયા એકાદશી (શેરડી) |
| *૧૨ | બુધ | ૨૧ | પુન. | ભીષ્મ દ્વાદશી, પ્રદોષ (ચંદ્ર-કર્ક : ૭.૪૫) |
| *૧૩ | ગુરૂ | ૨૨ | પુષ્ય | શ્રી વિશ્વકર્મા જયંતી, મોઢેશ્વરી માતાનો પાટોત્સવ (મોઢેરા), રણ ઉત્સવ, ગુરૂપુષ્યામૃતસિદ્ધિ યોગ સૂ. ઉ. થી ૧૬.૪૩ |
| ૧૪ | શુક્ર | ૨૩ | આશ્લે. | વ્રતની પૂનમ (ચંદ્ર-સિંહ : ૧૯.૨૬) |
| ૧૫ | શનિ | ૨૪ | મઘા | માઘી પૂર્ણિમા, માઘી સ્નાન સમાપ્ત, ગુરૂ રવિદાસ જયંતી, હોળી દંડારોપણ ૪.૪૬, ઘમાસ્નો પ્રા. |
| ૧ | રવિ | ૨૫ | પૂ. ફા. | ગાણગાપુર યાત્રા, ગુરૂપ્રતિપદા, શ્રી મદનમોહનજી મુંબઈ પાટો. |
| *૨ | સોમ | ૨૬ | ઉ. ફા. | – (ચંદ્ર-કન્યા : ૮.૧૧) |
| ૩ | મંગળ | ૨૭ | હસ્ત | મોઢેશ્વરી માતા પ્રાકટ્ય (મોઢેરા) |
| ૪ | બુધ | ૨૮ | હસ્ત | સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય ૨૧.૪૯, વ્યતિપાત મહાપાત ૧૦.૧૯ થી ૧૪.૩૨ (ચંદ્ર-તુલા : ૨૧.૦૦) |
| *૫ | ગુરૂ | ૨૯ | ચિત્રા | શ્રી રણછોડરાય (ડાકોર)નો પાટોત્સવ |
| ૬ | શુક્ર | ૧ | સ્વાતિ | માર્ચ : ષષ્ઠી વૃદ્ધિ તિથિ |
| ૬ | શનિ | ૨ | વિશાખા | પૂર્વેધુ : શ્રાદ્ધ, વિંછુડો પ્રા. (ચંદ્ર-વૃશ્ચિક : ૮.૧૮) |
| *૭ | રવિ | ૩ | અનુરાધા | ભાનુ સપ્તમી, શ્રીનાથજીનો પાટોત્સવ (નાથદ્વારા), વિંછુડો, કાલાષ્ટમી, અષ્ટકા શ્રાદ્ધ |
| ૮ | સોમ | ૪ | જયેષ્ઠા | અનવષ્ટકા શ્રાદ્ધ, જાનકી જન્મ, સૂર્ય પૂર્વ ભાદ્રપદમાં ૧૨.૩૪, વિંછુડો સ. (ચંદ્ર-ધન : ૧૬.૨૨) |
| ૯ | મંગળ | ૫ | મૂળ | શ્રી રામદાસ નવમી, શ્રી જલારામ બાપા પુણ્ય તિથિ, દશમી ક્ષય તિથિ, સ્વામી દયાનંદ સરસ્વતી જયંતી |
| *૧૧ | બુધ | ૬ | પૂ.ષા. | વિજયા (સ્માર્ત) એકાદશી (પેંડા) (ચંદ્ર-મકર : ૨૦.૨૯) |
| *૧૨ | ગુરૂ | ૭ | ઉ.ષા. | વિજયા (ભાગવત) એકાદશી (પેંડા), બુધ મીનમાં ૯.૩૭, શુક્ર કુંભમાં ૧૦.૪૮ |
| ૧૩ | શુક્ર | ૮ | શ્રવણ | પ્રદોષ, મહા શિવરાત્રિ, શિવ પૂજન, નિશિથકાળ ૨૪.૨૫ થી ૨૫.૧૩, પંચક પ્રા. (ચંદ્ર-કુંભ : ૨૧.૨૨) |
| ૧૪ | શનિ | ૯ | ધનિષ્ઠા | પંચક |
| ૩૦ | રવિ | ૧૦ | પૂ. ભા. | દર્શ અમાવસ્યા, બુધ પૂર્વોદય (ચંદ્ર-મીન : ૨૦.૪૨) |

પંચક વિશે સમજ : ચંદ્ર જ્યારે કુંભ રાશિમાં હોય અને ધનિષ્ઠા, શતતારા, પૂર્વભાદ્રા, ઉત્તરભાદ્રા, અને રેવતી આ સાડા ચાર નક્ષત્રો હોય ત્યારે પંચક થાય. ધનિષ્ઠા નક્ષત્રના ઉત્તરાર્ધથી અને રેવતી નક્ષત્રના અંત સુધી પંચક રહે છે. પંચક દોષમાં અંત્યેષ્ઠિમાં (મૃત્યુ સમયે) દોષ રૂપે છે. પંચક શુભ કાર્ય માટે વર્જ્ય નથી.





# ડીફકો ઇન્વેસ્ટમેંટ સર્વીસીસ

**મુંબઇ** : પીત્રુ છાયા, ૨૧ સ્વસ્તીક સોસાયટી, એન.એસ.રોડ નં.૨,જુહુ સ્કીમ, વિલેપાર્લા (વે), મુંબઇ-૫૬. નેવીલ ડી. દેસાઈ, મો.:૮૦૯૭૭૯૪૭૩૭

**નવસારી** : જી-૮/૯, રોકીસ એપાર્ટમેન્ટ, સ્ટેશન રોડ, નવસારી-૩૯૬૪૪૫ દેવાંગ દેસાઈ, મો.: ૯૭૧૨૯૨૪૫૨૫

**સુરત** : ૩૩૨, બેલ્જીયમ ટાવર, લાયનર બસ સ્ટેન્ડની સામે, રીંગ રોડ, સુરત-૩૯૫૦૦૩. ચંન્દ્રેશભાઈ. મો.: ૯૯૨૫૨૮૨૮૧૫

**E-mail : difcoinv@gmail.com**

શુભેચ્છક

# હરકયુલીસ પીગમેન્ટ્સ પ્રાયવેટ લીમીટેડ

**હેડ ઓફીસ**

૪૦૨, પેનીન્સુલા હાઈટ્સ, સી.ડી. બરફીવાલા માર્ગ,
અંધેરી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૫૮. ઈંડિયા

ફોન : +૯૧ ૨૨ ૨૬૨૪ ૮૪૨૬
ફેક્સ : +૯૧ ૨૨ ૨૬૨૪ ૯૩૯૩

**વર્કસ**

૩૧૬–બી, ૨ ફેસ, જી.આઈ.ડી.સી., વાપી – ૩૯૬ ૧૯૬.
ગુજરાત, ઈંડિયા.

એ૧–૨૧૦૬, ૩ ફેસ, જી.આઈ.ડી.સી., વાપી – ૩૯૬ ૧૯૬.
ગુજરાત, ઈંડિયા.

# બ્રિટાસેલ સીલીકોન લિ.

## તરફથી

## હાર્દિક શુભેચ્છા....

### ક્રોશેલ-૪૭૦

### ઉત્સાહ સાથે પીછાનાં સ્પર્શનો અનુભવ કરો

પરંપરાગત પોલીયુરેથીન આધારીત સુવાળો સોફ્નર માટે 'ક્રોશેલ-૪૭૦' એક સારી વિવિધતાવાળી ફેરબદલી. ઓછી માત્રા પર પર્યાવરણને અનુલક્ષીને એવી ઈલાસ્ટોમેટિક ફિનિશ ઉત્પન્ન.

સુધારેલા બાઉન્સ, હળવું શરીર અને ઉચ્ચ ટકાઉપણું માટે કોરા લિકિંગ સિલિકોન ઈલાસ્ટોમર. સુતરાઉ કાપડ અને પોલિએસ્ટર ડ્રેસ મટેરિયલ્સ માટે ખાસ યોગ્ય.




એફ-૧૮, એમ.આઇ.ડી.સી., અંધેરી (ઇસ્ટ),
મુંબઈ - ૪૦૦ ૦૯૩.
ફોન : +૯૧ ૨૨૪૦૦૯૪૦૦૦
Email : bsl@britacelsilicones.com



# ડૉ. જાગૃતિ દેસાઈ

- ✤ એમ.એસ. (ઓપ્થાલ્મોલોજી) ફેલોશીપ ઇન કેટારેક્ટ સર્જરી
- ✤ મોતિયાનાં ઓપરેશન ઇન્જેક્શન વગર આધુનિક પદ્ધતિથી થશે.



- ✤ ઝામર, રેટિના (પડદા)ના નિષ્ણાત ડૉક્ટર મળશે.
- ✤ સંપૂર્ણ પરિવાર માટે આંખની તપાસ.
- ✤ વર્લ્ડ ક્લાસ ઓપરેશન થિયેટર

# ઓક્યુલસ
## આઈ હોસ્પિટલ

૧૦૧, જુહુ શીતલ, સમર્થ રામદાસ માર્ગ, કાસા બ્લાન્ડાની સામે,
ગુલમોહર ક્રોસ રોડ નં,૯/૧૦ની વચ્ચે, તિવારી સ્વીટ્સ પાસે, જે.વી.પી.ડી.

સમય: સવારે ૧૦ થી રાત્રે ૮ સુધી

મોબાઇલ નં.
૯૮૧૯૯૮૩૧૫૮
૯૮૨૯૯૯૪૧૫૨

## અનાવિલ સમાજ માટે માત્ર રૂ.૫૦૦/-



## ઓપ્ટીશીયન શોપ

- ✤ દરેક બજેટ માટે ફ્રેમ
- ✤ તમારી બે આંખો વચ્ચેનું માપ અને આંખનું સેન્ટર ચેક કર્યા પછી સાયન્ટીફીક અને ટેકનીકલી પરફેક્ટ ચશ્મા બનાવવામાં આવશે.
- ✤ ગોગલ્સ તમારા નંબર સાથે
- ✤ ફ્રી સર્વિસ એક વર્ષ માટે

## સૌજન્ય દાતા - જય અનાવિલ



સ્વ. રાવબહાદુર ભીમભાઇ રણછોડજી જાગીરદારના પુત્રવધુ
સ્વ. વીરમતી ચીમનલાલ નાયક (ખરવાસા) ની સ્મૃતિમાં તેમના
ભાઈશ્રી સ્વ.વિપીનચંદ્ર ર. દેસાઈ તથા તેમના પરિવારજનો તરફથી ચિખલી.

### ખાસ સૂચના

આ અંકમાં કોઇ વ્યક્તિનું નામ, અથવા અન્ય કોઇ વિગત રહી ગઇ હોય, ખોટી છપાઇ હોય તો તે પ્રત્યે ધ્યાન દોરાતા આગામી અંકમાં સુધારીને પ્રસિદ્ધ કરવામાં આવશે. જા.ખ.ની વિગત ગુજરાતીમાં મોકલવી. લગ્ન અંગેની જાહેર ખબરમાં સંપર્ક અંગેની વિગતમાં ફક્ત ૨-૩ વ્યક્તિની વિગત લખવી. - તંત્રીશ્રી

### જાહેરાતના દરો

જય અનાવિલ મુખપત્રકમાં જાહેરાતના દરો નીચે મુજબ છે.

આખુ પાનું (કલર) રૂા. ૩૦૦૦/- । આખુ પાનું (B/W) રૂા. ૨૦૦૦/- । લગ્ન વિષયક -રૂા. ૧૦૦૦/-


તંત્રી શ્રી મધૂસુદન દેસાઈએ
શ્રી અનાવિલ સમાજ, મુંબઈ વતી છાપ્યું અને પ્રસિધ્ધ કર્યુ.
૨૧૫, મગન મહલ, સર એમ.વી.રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.
ફોન : ૩૫૪૧ ૮૬૮૧ / મો.: ૯૧૩૭૧ ૨૧૬૭૮ / વેબસાઈટ : www.anavilsamaj.org

પ્રિન્ટેડ એટ - અમોલ મહાડીક શીંદે (રૂપા પ્રીન્ટર્સવાળા)
૭, હકીમ કોટેજ, કુરાર વીલેજ, મલાડ (ઈ), મુંબઈ - ૪૦૦૦૯૭. મો.: ૯૨૨૧૦ ૫૦૨૯૩